# ગુજરાત જાહેર સેવા આયોગ

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા **જા.ક્ર.-૪૦/૨૦૧૭-૧૮ થી જા.ક્ર.-૪૯/૨૦૧૭-૧૮ માટે તારીખ-૧૫/૦૯/૨૦૧૭ (૧૩:૦૦ કલાક) થી તારીખ-૦૩/૧૦/૨૦૧૭ (૧૩:૦૦ કલાક)** સુધી **Online** અરજીઓ મંગાવવામાં આવે છે. સદરહુ જગ્યાઓની મુખ્ય અને અગત્યની વિગતો જેવી કે શૈક્ષણિક લાયકાત, અનુભવ, ઉંમર, પગાર ધોરણ, ઉંમરમાં છૂટછાટ, અરજી ફી, ઓનલાઈન અરજી કરવાની રીત, જાહેરાતની સામાન્ય જોગવાઈઓ તથા અન્ય વિગતો આયોગના નોટીસ બોર્ડ ઉપર અથવા આયોગની વેબસાઈટ **https://gpsc-ojas.gujarat.gov.in** ઉપર જોવા વિનંતી છે. જાહેરાતની બધીજ–સંપૂર્ણ વિગતો આયોગની વેબસાઈટ પર જોયા બાદ જ ઉમેદવારે **https://gpsc-ojas.gujarat.gov.in** પર **Online** અરજી કરવાની રહેશે. ઉંમર ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે. તારીખ-૧૫/૦૯/૨૦૧૭

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | કુલ જગ્યાઓ પૈકી શારીરિક અશક્તતા માટે અનામત | કુલ જગ્યાઓ પૈકી માજી સૈનિક માટે અનામત | પ્રાથમિક કસોટીની સૂચિત તારીખ | પ્રાથમિક કસોટીના પરિણામનો સંભવીત માસ | રૂબરૂ મુલાકાતનો સંભવીત માસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૪ | | | | ૫ | | | | | | | | |
| ૧ | ૨ | ૩ | બિન અનામત | સા.શૈ.પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | બિન અનામત | સા.શૈ.પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૪૦ | મદદનીશ ઈજનેર (સિવિલ), વર્ગ-૨ (ખાસ ભરતી), નર્મદા, જળસંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હસ્તક | ૭૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૭૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૪ | ૦૨ | ૦૦ | ૦૭-૦૧-૨૦૧૮ | માર્ચ-૨૦૧૮ | એપ્રિલ-૨૦૧૮ |
| ૪૧ | ભુસ્તરશાસ્ત્રી,વર્ગ-૨ નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હસ્તક | ૦૯ | ૦૬ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૮-૦૩-૨૦૧૮ | મે-૨૦૧૮ | જુલાઇ-૨૦૧૮ |
| ૪૨ | સંયુક્ત તાંત્રિક સલાહકાર (પી.આઈ.), વર્ગ-૧ ઉદ્યોગ અને ખાણ વિભાગ હસ્તકના ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૧-૦૧-૨૦૧૮ | માર્ચ-૨૦૧૮ | એપ્રિલ-૨૦૧૮ |
| ૪૩ | તાંત્રિક સલાહકાર (રસાયણ), વર્ગ-૧ ઉદ્યોગ અને ખાણ વિભાગ હસ્તકના ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૭-૦૧-૨૦૧૮ | માર્ચ-૨૦૧૮ | એપ્રિલ-૨૦૧૮ |
| ૪૪ | પ્રોજેક્ટ મેનેજર, વર્ગ-૧ ઉદ્યોગ અને ખાણ વિભાગની કમિશ્નરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગ કચેરી હસ્તક | ૦૩ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૭-૧૨-૨૦૧૭ | ફેબ્રુઆરી-૨૦૧૮ | માર્ચ-૨૦૧૮ |
| ૪૫ | સમાજ કલ્યાણ અધિકારી, સામાન્ય રાજય સેવા, વર્ગ-૨ (વિકસતી જાતિ કલ્યાણ ખાતું) ખાસ ભરતી | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૭-૦૧-૨૦૧૮ | માર્ચ-૨૦૧૮ | એપ્રિલ-૨૦૧૮ |
| ૪૬ | નગર નિયોજક, રાજ્યપત્રિત સેવા, વર્ગ-૧ | ૦૭ | ૦૫ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૧-૦૧-૨૦૧૮ | માર્ચ-૨૦૧૮ | એપ્રિલ-૨૦૧૮ |
| ૪૭ | મદદનીશ બાગાયત નિયામક / વિષય નિષ્ણાંત, ગુજરાત બાગાયત સેવા, વર્ગ-૨ કૃષિ અને સહકાર વિભાગ હસ્તક | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૧-૦૧-૨૦૧૮ | માર્ચ-૨૦૧૮ | એપ્રિલ-૨૦૧૮ |
| ૪૮ | મદદનીશ નિયંત્રક કાનૂની માપ વિજ્ઞાન અને ગ્રાહક સુરક્ષા અધિકારી, વર્ગ-૨ અન્ન, નાગરિક, પૂરવઠા અને ગ્રાહક બાબતો વિભાગ હસ્તક | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૦-૧૨-૨૦૧૭ | ફેબ્રુઆરી-૨૦૧૮ | માર્ચ-૨૦૧૮ |
| ૪૯ | સંયુકત ચેરિટી કમિશ્નર, સામાન્ય રાજય સેવા, વર્ગ-૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૧-૦૧-૨૦૧૮ | માર્ચ-૨૦૧૮ | એપ્રિલ-૨૦૧૮ |

**નોંધ:-** (૧) આખરી પરિણામ રૂબરૂ મુલાકાત પૂર્ણ થયાના અંદાજિત ૧૦ કામકાજના દિવસો દરમ્યાન પ્રસિધ્ધ કરવામાં આવશે.

(૨) સીધી ભરતીના કિસ્સામાં પ્રાથમિક કસોટીમાં આયોગે નક્કી કરેલ લાયકી ધોરણમાં આવતા અને જાહેરાતમાં ભરતી નિયમમાં દર્શાવેલ જોગવાઇઓ સંતોષતા ઉમેદવારોને રૂબરૂ મુલાકાતમાં બોલાવવામાં આવશે. ઉમેદવારોની આખરી પસંદગી પ્રાથમિક કસોટીમાં ૩૦૦ ગુણમાંથી જે ગુણ મેળવેલ હશે તેનું ૫૦ ગુણભાર અને રૂબરૂ મુલાકાતના ૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણના ૫૦ ગુણભારના પ્રમાણસહ ગણતરી કરીને કુલ ગુણના આધારે કરવામાં આવશે. એટલે કે, પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાતના અનુક્રમે ગુણ ૩૦૦ અને ૧૦૦માંથી મેળવેલ ગુણનું ૫૦-૫૦ ટકા વેઇટેજ આપવામાં આવશે. આખરી પસંદગીમાં આયોગ જે લઘુત્તમ ધોરણ નક્કી કરશે તે લાગુ પડશે અને તેના મેરીટલીસ્ટના આધારે પસંદગી યાદી આખરી કરવામાં આવશે. પ્રાથમિક કસોટીમાં ૧૦૦ ગુણના ૧૦૦ પ્રશ્નો સામાન્ય અભ્યાસના તથા ૨૦૦ ગુણના ૨૦૦ પ્રશ્નો સંબંધિત વિષયના રહેશે. આખરી પરિણામ વખતે જ ઉમેદવારે મેળવેલ આખરી ગુણ જાહેર કરવામાં આવશે.

(૩) ઉમેદવારોની પ્રાથમિક કસોટીની OMR Answer Sheet પ્રાથમિક કસોટી પૂર્ણ થયા બાદ વહેલી તકે આયોગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે

(૪) (૧) ઉમેદવારોએ જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ સ્પષ્ટ રીતે વાંચીને ઓનલાઈન અરજી કરવી. ઓન-લાઈન અરજી કરતી વખતે તમામ વિગતો અરજીપત્રકમાં ભર્યા બાદ, તે વિગતોની ખાતરી કરીને ત્યાર પછી જ અરજી કન્ફર્મ કરવાની રહેશે. (૨) કન્ફર્મ થયેલ અરજીપત્રકની વિગતો કે તેમાં ઉમેદવારે આપેલ માહિતીમાં ક્ષતિ કે ચૂક બાબતે સુધારો કરવાની રજૂઆત / વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ. (૩) એક કરતાં વધારે સંખ્યામાં અરજી કર્યાના કિસ્સામાં છેલ્લે કન્ફર્મ થયેલ અરજીપત્રક જ માન્ય રાખવામાં આવશે. બિન-અનામત વર્ગના ઉમેદવારો માટે છેલ્લે કન્ફર્મ થયેલ ફી સાથેનું અરજીપત્રક માન્ય રાખવામાં આવશે. (૪) ઉમેદવારોએ રૂબરૂ મુલાકાતને પાત્ર થયાના કિસ્સામાં રજૂ કરવાના થતા પ્રમાણપત્રો (સામાન્ય સૂચનાઓમાં આપેલ ક્રમમાં) તૈયાર રાખવાના રહેશે.

(૫) ઉંમરનાં પુરાવા માટે SSCE CERTIFICATE (જન્મ તારીખ દર્શાવેલ) જ રજૂ કરવું. અન્ય કોઈપણ દસ્તાવેજ માન્ય ગણાશે નહીં. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ NON CREAMY LAYER CERTIFICATE (NCLC) માટે પરિશિષ્ટ-ક/પરિશિષ્ટ-૪ (ગુજરાતી) જ રજૂ કરવું. ANNEXURE-‘A’ (ENGLISH) માન્ય ગણાશે નહીં

(૬) જાહેરાતમાં દર્શાવેલ જગ્યાની સામે ઉમેદવારોની સંખ્યાને ધ્યાને લઈ સીધી રૂબરૂ મુલાકાત ગોઠવવાનો આયોગનો અબાધિત અધિકાર રહેશે.